ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

પ્રથમ પરીક્ષા

પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક — કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન	સમજ	ઉપયોજન	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
	(K)	(U)	(A)	સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
ગુણ	13	15	16	02	04	50
ટકા (%)	26	30	32	04	08	100

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	15	15	15
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	03	04	09
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-II)	02	03	08
4.	વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA)	03	04	18
	કુલ	**23**	**26**	**50**

પ્રકરણદીઠ ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણભાર
1.	હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો	02
2.	વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાંના પ્રકાર	04
3.	વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય	02
4.	આમનોંધ	07
5.	હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો	04
6.	પેટાનોંધો	05
7.	રોકડમેળ અને તેના પ્રકારો	08
8.	ખાસ આમનોંધ	05
9.	ખાતાવહી - ખતવણી	08
10.	કાચું સરવૈયું	05
	કુલ	**50**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

પ્રથમ પરીક્ષા

પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	વિભાગ - A	
1 થી 10	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)**	10
	વિભાગ - B	
11 થી 15	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો **(દરેક પ્રશ્નનો 01 ગુણ)**	05
	વિભાગ - C	
16 થી 19	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 19 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)**	09
	વિભાગ - D	
20 થી 22	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 20 થી 22 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 2 (બે) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 04 ગુણ)**	08
	વિભાગ - E	
23 થી 26	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 23 થી 26 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 06 ગુણ)**	18
	કુલ ગુણ	**50**

નોંધ : (1) પ્રથમ પરીક્ષાનો અભ્યાસક્રમ જુનથી સપ્ટેમ્બર સુધીનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
				સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
ગુણ	13	15	16	02	04	50
ટકા (%)	26	30	32	04	08	100

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	15	15	15
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	02	03	06
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-II)	03	04	12
4.	વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA)	01	02	06
5.	નિબંધ પ્રકારના પ્રશ્નો (EA)	01	01	11
	કુલ	**22**	**25**	**50**

પ્રકરણદીઠ ગુણભાર : ભાગ-1

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણ
1.	હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો	01
2.	વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાના પ્રકાર	01
3.	વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય	01
4.	આમનોંધ	03
5.	હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો	01
6.	પેટાનોંધો	03
7.	રોકડમેળ અને તેના પ્રકારો	01
8.	ખાસ આમનોંધ	03
9.	ખાતાવહી - ખતવણી	01
10.	કાચું સરવૈયું	–
11.	બેન્ક સિલકમેળ	06

ક્રમ	પ્રકરણનું નામ ભાગ-2	પ્રકરણ દીઠ ગુણ
1.	ભૂલ સુધારણા	03
2.	ઘસારાના હિસાબો	06
3.	જોગવાઈઓ અને અનામતો	02
4.	હૂંડીઓ	04
5.	ધંધાકીય એકમનાં નાણાકીય પત્રકો	11
6.	હિસાબી પદ્ધતિની પ્રણાલિકાઓ-ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતો	01
7.	હિસાબી ધોરણો : ખ્યાલ અને ઉદ્દેશો	01
8.	દેશીનામા પદ્ધતિઃ પરિચય	01
	કુલ	**50**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	વિભાગ - A	
1 થી 10	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક **પ્રશ્નનો 01** ગુણ)	10
	વિભાગ - B	
11 થી 15	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેક **પ્રશ્નનો 01** ગુણ)	05
	વિભાગ - C	
16 થી 18	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 18 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 2 (બે) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેક **પ્રશ્નના 03** ગુણ)	06
	વિભાગ - D	
19 થી 22	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 19 થી 22 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેક **પ્રશ્નના 04** ગુણ)	12
	વિભાગ - E	
23 થી 24	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 23 થી 24 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 1 (એક) પ્રશ્નનો માગ્યા મુજબ જવાબ લખો. (દરેક **પ્રશ્નના 06** ગુણ)	06
	વિભાગ - F	
25	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25નો માગ્યા મુજબ જવાબ લખો.	11
	કુલ ગુણ	**50**

નોંધ : (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25
ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
વિષય : નામાનાં મૂળતત્ત્વો
વાર્ષિક પરીક્ષા
પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 3 કલાક | કુલ ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
				સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
ગુણ	27	29	18	04	02	80
ટકા (%)	33.75	36.25	22.5	05	2.5	100

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	24	24	24
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	05	08	15
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-II)	03	05	12
4.	વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA)	03	04	18
5.	નિબંધ પ્રકારના પ્રશ્નો (EA)	01	01	11
	કુલ	**36**	**42**	**80**

પ્રકરણદીઠ ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણભાર	
	ભાગ-1	જનરલ વિકલ્પ વિના	જનરલ વિકલ્પ સાથે
1.	હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો	01	01
2.	વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાંના પ્રકાર	01	04
3.	વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય	01	01
4.	આમનોંધ	05	09
5.	હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો	02	02
6.	પેટાનોંધો	03	09
7.	રોકડમેળ અને તેના પ્રકારો	05	05

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણભાર	
	ભાગ-1	**જનરલ વિકલ્પ વિના**	**જનરલ વિકલ્પ સાથે**
8.	ખાસ આમનોંધ	04	07
9.	ખાતાવહી - ખતવણી	01	04
10.	કાચું સરવૈયું	01	05
11.	બેંક સિલકમેળ	07	07
	ભાગ-2		
1.	ભૂલ સુધારણા	05	05
2.	ઘસારાના હિસાબો	06	06
3.	જોગવાઈઓ અને અનામતો	05	05
4.	હૂંડીઓ	04	04
5.	ધંધાકીય એકમનાં નાણાકીય પત્રકો	11	11
6.	હિસાબી પદ્ધતિની પ્રણાલિકાઓ-ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતો	02	02
7.	હિસાબી ધોરણો : ખ્યાલ અને ઉદ્દેશો	01	01
8.	દેશીનામા પદ્ધતિ: પરિચય	04	04
9.	બિનવેપારી સંસ્થાના હિસાબો	07	07
10.	અપૂર્ણ માહિતી પરથી હિસાબો	02	02
11.	હિસાબી પદ્ધતિ અને કમ્પ્યૂટર	02	02
	કુલ	**80**	**103**

નોંધ : ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 80

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	વિભાગ - A	
1 થી 16	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 16 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (**દરેક પ્રશ્નનો 01 ગુણ**)	16
	વિભાગ - B	
17 થી 24	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (**દરેક પ્રશ્નનો 01 ગુણ**)	08
	વિભાગ - C	
25 થી 32	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 32 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (**દરેક પ્રશ્નના 03 ગુણ**)	15
	વિભાગ - D	
33 થી 37	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 33 થી 37 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (**દરેક પ્રશ્નના 04 ગુણ**)	12
	વિભાગ - E	
38 થી 41	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 38 થી 41 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (**દરેક પ્રશ્નના 06 ગુણ**)	18
	વિભાગ - F	
42	નીચે આપેલા પ્રશ્નક્રમાંક 42નો માગ્યા મુજબ જવાબ લખો. (**એક પ્રશ્નના 11 ગુણ**)	11
	કુલ ગુણ	**80**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ : 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય : નામાનાં મૂળતત્ત્વો

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** કુલ ગુણ : 80

સૂચનાઓ :

1. આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 42 પ્રશ્નો છે.
2. ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
3. ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
4. પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.

વિભાગ : A

- **નીચેના 01 થી 16 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. (દરેક પ્રશ્નનો 01 ગુણ)** **[16]**

1. [સંપૂર્ણ સાચી અને ઉપયોગી હિસાબી માહિતી] ⫤ [વિશ્વાસપાત્રતા] + [?] + [સમજક્ષમતા] + [તુલનાત્મકતા]

(A) વિસંગતપણું (B) સરખાપણું

(C) સુસંગતપણું (D) નૈતિકતા

2. ધંધાના આર્થિક વ્યવહારને કયું લક્ષણ લાગું પડતું નથી ?

(A) રોકડ વ્યવહાર (B) ઉધાર વ્યવહાર

(C) બાહ્ય વ્યવહાર (D) નાણાં મૂલ્ય સિવાયનો વ્યવહાર

3. અમદાવાદના' વેપારી સુરતના વેપારીને માલ મોકલે છે, ત્યારે બિલમાં નીચેનામાંથી કયો કર વસૂલ કરે છે ?

(A) IGST (B) CGST + IGST

(C) SGST + CGST (D) UTGST + CGST

4. શ્યામ રૂ. 10,000 SBI બેંકમાં ભરવા જાય છે, ત્યારે તે નાણાં ભરવા માટે કયા વાઉચરનો ઉપયોગ કરશે ?

(A) ચેકનું અડધિયું (B) પે-ઈન-સ્લિપ

(C) આપેલ રસીદ (D) પાસબુક

5. વ્યાજના રૂ. 7,000 મળવાના બાકી છે, ત્યારે...

(A) A ઘટે - C ઘટે
(B) A વધે - C વધે
(C) A વધે - L વધે
(D) C વધે - L વધે

6. કેવા વ્યવહારોની રોકડમેળમાં નોંધ કરવામાં આવતી નથી ?

(A) રોકડ ખરીદીના
(B) રોકડ વેચાણના
(C) રોકડ વટાવના
(D) બિન રોકડ વ્યવહારો

7. મિલકતની ઉધાર ખરીદીની નોંધ .... માં થાય છે.

(A) ખરીદનોંધ
(B) ખાસ આમનોંધ
(C) રોકડમેળ
(D) ઉધારનોંધ

8. કાચું સરવૈયું કયા તબક્કા પછી તૈયાર કરવામાં આવે છે ?

(A) આમનોંધ પછી
(B) ખાતાવહી પછી
(C) હવાલા પછી
(D) વાર્ષિક હિસાબો પછી

9. બેંક સિલકમેળ તૈયાર કરવાથી... જાણી શકાય છે.

(A) પાસુબુકમાં થયેલ ભૂલો
(B) રોકડમેળમાં થયેલ ભૂલો
(C) પાસબુક અને રોકડમેળમાં નહીં નોંધાયેલ વ્યવહારો
(D) ઉપરની બધી જ બાબતો.

10. નામાના સિદ્ધાંતોનું પાલન ન થવાથી ઉદ્‌ભવેલ ભૂલને .... કહેવાય.

(A) વીસરચૂક
(B) ભરપાઈ ચૂક
(C) સિદ્ધાંતની ભૂલ
(D) ખતવણીની ભૂલ

11. .... ઊભું કરવું ધંધા માટે યોગ્ય નથી.

(A) સામાન્ય અનામત
(B) મૂડી અનામત
(C) ગુપ્ત અનામત
(D) જોગવાઈ

12. ....ના ખ્યાલ મુજબ આખર સ્ટોકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત અથવા બજારકિંમત, બે પૈકી જે ઓછી હોય તે કિંમતે નોંધવામાં આવે છે ?

(A) દૂરદર્શિતા
(B) પૂર્ણ રજૂઆત
(C) ચાલુ પેઢી
(D) એકસૂત્રતા

13. ICAI દ્વારા ASBની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) ઈ.સ. 1973
(B) ઈ.સ. 1976
(C) ઈ.સ. 1981
(D) ઈ.સ. 1977

14. દેશીનામામાં મૂળ ચોપડા તરીકે કયા ચોપડાને ઓળખવામાં આવે છે ?

(A) કરારનોંધ (B) રોજમેળ

(C) ખાતાવહી (D) કબાલાવહી

15. એકનોંધી પદ્ધતિમાં મૂડી શોધવા કયું પત્રક બનાવવામાં આવે છે ?

(A) સમાન માપનું પત્રક (B) તુલનાત્મક પત્રક

(C) સ્થિતિદર્શક પત્રક (D) નફા-નુકસાનનું પત્રક

16. હિસાબને લગતા તૈયાર ઉપલબ્ધ સોફ્ટવેરમાં .... વધુ પ્રચલિત જણાય છે.

(A) ટેલી (Tally) (B) ટાટા ઈ-એક્સ (Tata Ex.)

(C) બીઝી (Busy) (D) પ્રોફિટ (Profit)

વિભાગ : B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** **[08]**

17. શા માટે ગ્રાહકને રોકડ વટાવનો લાભ આપવામાં આવે છે ?

18. હિસાબી સમીકરણમાં મૂડી(C)માં શું ઉમેરવાથી મિલકતો (A) મળે છે ?

19. છૂટાં પાનાંની પદ્ધતિ, કાર્ડ સ્વરૂપ ઉપરાંત ખાતાવહીનું કયું સ્વરૂપ પ્રચલિત છે ?

20. ઘાલખાધ અનામત એ અનામત છે કે જોગવાઈ ?

21. ધંધાનું નામ : રવિ ટ્રેડીંગ કંપની

માલિકનું નામ : રવિભાઈ

આ બન્ને વ્યક્તિઓ એક જ કહેવાય કે ભિન્ન ? કયા ખ્યાલ અનુસાર ?

22. દેશીનામાના ચોપડાના પ્રથમ પાના પર શા માટે કોઈ હિસાબી નોંધ લખવામાં આવતી નથી ?

23. એકનોંધી નામા પદ્ધતિના હિસાબો અપૂર્ણ માહિતી પરથી લખાતા હોવા છતાં નાના વેપારીઓ શા માટે આ પદ્ધતિ પસંદ કરે છે ?

24. કમ્પ્યૂટર હિસાબી પદ્ધતિનાં અંગો જણાવો.

વિભાગ : C

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેક પ્રશ્નના 3 ગુણ) (કોઈપણ 5)** **[15]**

25. નીચેના વ્યવહારોની બેવડી અસર જણાવો.

1. માલિકે ₹ 50,000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો.
2. ₹ 10,000 બેંકમાં ભરીને ખાતું ખોલાવ્યું.
3. ઓફિસ માટે ₹ 15,000 નું ફર્નિચર સહજાનંદ ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું.

26. નીચેના વ્યવહારો પરથી શ્રી પ્રભાસના ચોપડે આમનોંધ લખો.

એપ્રિલ 2024

1. ધંધા માટે ₹ 5,00,000માં જમીન ખરીદી અને ₹ 20,000 દસ્તાવેજ તથા કાનૂની ખર્ચનાં થયા. બધાં જ નાણાં રોકડા ચૂકવ્યાં.

12. ₹ 6,000 નું જૂનું યંત્ર ₹ 5,000માં વેચવાનું નક્કી કર્યું.

25. ઑફિસ ખર્ચ માટે ₹ 3,000 બેંકમાંથી ઉપાડ્યા.

27. નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી મહેશ મકાણીના ચોપડે વેચાણનોંધ તૈયાર કરો.

મે 2024

1. મુકેશને ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

8. માલવને ₹ 12,000નો માલ 5 % વેપારી વટાવે રોકડેથી વેચ્યો.

16. મિરાજને ₹ 15,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે વેચ્યો. અડધા નાણાં રોકડા મળ્યા.

20. મેહુલને ₹ 8,000નું જૂનું ફર્નિચર શાખ પર વેચ્યું.

25. મુકુંદને ₹ 10,000નો માલ 10 % રોકડ વટાવે વેચ્યો.

28. દાખલા નંબર 27ની વેચાણનોંધ પરથી ખાતાવહીમાં ખતવણી કરો.

29. નીચેના વ્યવહારો પરથી શ્રી કેવલ પટેલની ખાસ આમનોંધ લખો.

જૂન 2024

2. ₹ 3,000નો માલ આપી ઘર માટે ₹ 2,500નો પંખો ખરીદ્યો.

13. ₹ 2,000 નિલય પાસે લેણાં છે, જે રકમ હવે મળી શકે તેમ નથી.

22. ₹ 8,000 નો માલ દુકાનમાંથી ચોરાઈ ગયો. જેની સામે વીમા કંપનીએ 75 % રકમનો દાવો મંજૂર કર્યો.

30. નીચેના ખાતાં બંધ કરવા માટે આખરનોંધ લખો.

1. ખરીદ ખાતું ₹ 80,000   2. પગાર ખાતું ₹ 12,000   3. ડિવિડન્ડ ખાતું ₹ 2,000

31. તફાવત લખો : સામાન્ય અનામત અને જોગવાઈ

32. નીચેના પારિભાષિક શબ્દો સમજાવો.

1. શ્રી તસલમાત ખાતું   2. ઉબળેક રકમ   3. જણસવહી

વિભાગ : D

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ) (કોઈપણ 3)** **[12]**

33. નીચેના વ્યવહારો પરથી વેદ પટેલના ચોપડે આમનોંધ લખો.

જૂન 2024

2. અંગત મોટરકાર ₹ 80,000માં વેચી ₹ 60,000 રોકડા ધંધામાં લાવ્યા.

11. ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી આનંદ પાસેથી ₹ 20,000ની 10 %ની લોન લીધી.

18. ઘરખર્ચ માટે ₹ 2,000 અને દુકાન ખર્ચ માટે ₹ 3,000 બેંકમાંથી ઉપાડ્યા.

25. કિશોરને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ચેકથી વેચ્યો.

34. નીચેના વ્યવહારો પરથી કિયાંશ પટેલનો ત્રણ ખાનાવાળો રોકડમેળ તૈયાર કરો.

જુલાઈ 2024

1. શરૂઆતની રોકડ સિલક ₹ 15,000 અને બેંક ઓવરડ્રાફ્ટ ₹ 4,000

4. વિશાલને ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

9. વિક્રમ પાસેથી ₹ 8,000નો માલ 5 % રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો.

12. ₹ 5,000 બેંકમાં રોકડા ભર્યા.

18. ₹ 5,080નાં લેણાંની વસુલાત પેટે ₹ 5,000 રોકડા વિપુલ પાસેથી મળ્યા.

22. ઓફિસ ખર્ચ માટે ₹ 2,000 બેંકમાંથી ઉપાડયા.

35. નીચે આપેલ ખાતાની બાકીઓ પરથી શ્રી મોહનલાલનું તારીખ 31-03-2024ના રોજનું કાચું સરવૈયું તૈયાર કરો.

વિગત	રકમ(₹)	વિગત	રકમ(₹)
મૂડી	54,000	ઉપાડ	12,000
દેવાદારો	52,000	ખરીદી	90,000
પેટન્ટ	15,000	લેણદારો	40,000
વેચાણ	1,00,000	ઘાલખાધ	3,000
રોકડ સિલક	10,000	સામાન્ય અનામત	4,000
ડિવિડન્ડ	2,000	ફર્નિચર	18,000
ઉમેદવારનું પ્રીમિયમ	8,000	તોલાઈ	2,000
શેરમાં રોકાણ	18,000	બેંક ઓવરડ્રાફ્ટ	12,000

36. પંકજના તા. 31-03-2024ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરતાં પહેલાં શોધવામાં આવેલ નીચેની ભૂલો સુધારવા ભૂલ સુધારણા નોંધ તૈયાર કરો.

1. દુકાન ભાડાના ₹ 5,000 દુકાન માલિક વિશાલને ચૂકવેલ જે તેમના અંગત ખાતે ઉધારેલ છે.

2. સીતા પાસેથી મળેલ ₹ 10,000 ભૂલથી ગીતા ખાતે નોંધ્યા છે.

3. ₹ 12,000નો માલ રોહન પાસેથી ખરીદેલ જે ભૂલથી વેચાણનોંધમાં લખેલ છે.

4. બેંકે બેંક વ્યાજના ₹ 200 પાસબુકમાં જમા કરેલા જે રોકડમેળમાં વ્યય બાજુ નોંધેલ છે.

37. રાહુલે ₹ 25,000ની 2 માસની મુદતની હૂંડી તા. 18-04-2024નાં રોજ વિરાટ પર લખી. વિરાટે આ હૂંડી સ્વીકારી પરત કરી. તા. 11-06-2024નાં રોજ રાહુલે આ હૂંડી બેંકમાં વસુલાત માટે મોકલી આપી. પાકતી તારીખે વિરાટે આ હૂંડી ચૂકવી આપી. બેંકે કમિશન પેટે ₹ 150 રાહુલ ખાતે ઉધાર્યા છે.

બંને પક્ષકારોના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બા. જે. જરૂરી નથી)

વિભાગ : E

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 6 ગુણ) (કોઈપણ 3)** **[18]**

38. નીચેના વ્યવહારો પરથી નોબલ ટ્રેડર્સના ચોપડે ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો.

જુલાઈ 2024

2. ધરતી પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો.
7. ધરતી પાસેથી ખરીદેલ માલમાંથી અડધો માલ ₹ 6,000માં ધારાને વેચ્યો.
15. ધર્મિષ્ઠા પાસેથી ₹ 8,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. અડધા નાણાં રોકડા ચૂકવ્યા.
22. ધ્રુવિએ આપણી પાસેથી ₹ 5,000નો માલ 5 % રોકડ વટાવે ખરીદ્યો.
28. ધારાએ અડધો માલ પરત કર્યો, જે આપણે ધરતીને પરત મોકલી આપ્યો.

39. શ્રી ગુણવંતલાલનો તા. 31-05-2024ના રોજ રોકડમેળ ₹ 8,000નો બેંક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે, જે પાસબુક સાથે મળતો નથી. રોકડમેળ અને પાસબુક સરખાવતા નીચેની માહિતી મળી, તેના પરથી બેંકસિલકમેળ તૈયાર કરો.

1. તા. 28-05-2024નાં રોજ ₹ 15,000ના ચેક બેંકમાં ભરવામાં આવ્યા હતા, પરંતુ તેમાંથી ₹ 11,000ના જ ચેક તા. 31-05-2024 સુધી બેંકે પાસબુકમાં જમા કરેલ છે.
2. ₹ 7,000નો એક ચેક લખેલો અને રોકડમેળમાં નોંધેલ પરંતુ લેણદારને આપવાનો રહી ગયેલ છે.
3. એક ગ્રાહકે ₹ 5,000 બેંકમાં બારોબાર ભર્યા છે, જેની રોકડમેળમાં નોંધ થઈ નથી.
4. બેંકમાં વટાવેલી ₹ 6,000ની લેણીહૂંડી નકરાઈ અને બેંકે પાસબુકમાં નકરામણી ખર્ચ ₹ 300 સહિતની રકમ નોંધેલ છે. જેની જાણ ગુણવંતલાલને થયેલ નથી.
5. બેંકે ECSથી વીમા પ્રીમિયમના ₹ 2,000 ચૂકવ્યા છે, જેની નોંધ રોકડમેળમાં થઈ નથી.
6. રોકડમેળની આય બાજુનો સરવાળો ₹ 1,000 ભૂલથી વધારે કરવામાં આવ્યો હતો.

40. સમા લિમિટેડ કંપની દર વર્ષે સીધી લીટીની પદ્ધતિએ 10% લેખે ઘસારો ગણે છે. પ્રથમ ત્રણ વર્ષના યંત્ર ખાતામાં ખૂટતી વિગતોની ગણતરી કરી યંત્ર ખાતું પૂર્ણ કરો અને યંત્ર વેચાણની આમનોંધ લખો.

સમા લિમિટેડની ખાતાવહી

ઉધાર — **યંત્ર ખાતું** — જમા

તારીખ	વિગત	નો. પા.	રકમ રૂ.	તારીખ	વિગત	નો. પા.	રકમ રૂ.
1-4-23	બેન્ક ખાતે		52,000	31-3-24	ઘસારા ખાતે		(?)
1-4-23	રોકડ ખાતે		3,000	31-3-24	બાકી આગળ લઈ ગયા		(?)
			55,000				55,000
1-4-24	બાકી આગળ લાવ્યા		(?)	31-3-25	ઘસારા ખાતે		(?)
1-10-24	બેન્ક ખાતે		19,000				
1-10-24	રોકડ ખાતે		1,000	31-3-25	બાકી આગળ લઈ ગયા		(?)
1-4-25	બાકી આગળ લાવ્યા		(?)	31-3-26	ઘસારા ખાતે		(?)
31-3-26	નફા નુકસાન ખાતે (નફો)		(?)	31-3-26	બેન્ક ખાતે (પ્રથમ યંત્રની વેચાણ કિંમત)		46,200
				31-3-26	બાકી આગળ લઈ ગયા		(?)
			70,700				70,700

41. એ. એન. ટી. સ્પોર્ટ્સ કલબની નીચેની માહિતી પરથી તા. 31-03-2024ના રોજ પૂરા થતા વર્ષનું ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરો.

વિગત	રકમ (₹)	વિગત	રકમ (₹)
મળેલ લવાજમ	10,000	જૂના ફર્નિચરનું વેચાણ	5,800
પસ્તીનું વેચાણ	1,200	(ચોપડે કિંમત ₹ 7000)	
સરકારી જામીનગીરીમાં રોકાણ	10,800	ચેરિટી શોનો ખર્ચ	6,000
ફર્નિચરની ખરીદી	7,300	સખાવત	15,000
મનોરંજન કાર્યક્રમની આવક	9,650	હોલનું મળેલ ભાડું	3,700
મળેલ વારસો	21,700	મનોરંજન કાર્યક્રમ ખર્ચ	6,100
સેક્રેટરીને માનદ્ વેતન	4,100	લોકરનું ભાડું	1,400
પોસ્ટેજ	1,600	સરકારી ગ્રાન્ટ	13,800
બેન્ક ખર્ચ	600	પ્રિન્ટિંગ અને સ્ટેશનરી ખર્ચ	2,000
ચેરિટી શોની આવક	14,000	ટુર્નામેન્ટ ખર્ચ	3,300
મેદાન નિભાવ ખર્ચ	2,600	વર્તમાનપત્રોનું લવાજમ	2,800
લાઈબ્રેરીનાં પુસ્તકોની ખરીદી	13,300	રોકાણનું વ્યાજ	1,400
સામાન્ય ખર્ચા	3,400	કેન્ટીન ખર્ચ	2,800
આજીવન સભાસદ ફી	4,500	રમતના સાધનોના વેચાણનો નફો	700
સમારકામ ખર્ચ	1,750	વાર્ષિક સમારંભ ખર્ચ	2,700
પ્રવેશ ફી (40 ટકા મૂડીકૃત)	6,000	રમતના સાધનોની ખરીદી	20,000

વધારાની માહિતી :

1. લવાજમના ₹ 10,000 મળવાના બાકી છે.
2. સેક્રેટરીનું માનદ્ વેતન ₹ 10,000 ચૂકવવાનું બાકી છે.

વિભાગ : F

- **નીચે આપેલા પ્રશ્નનો માગ્યા મુજબ ઉત્તર લખો.** **[11]**

42. પ્રેરકનું તા.31-3-2024 ના રોજનું કાચું સરવૈયું અને વધારાની વિગતો પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

પેઢીનું તા. 31-3-2024ના રોજનું કાચું સરવૈયું

ખાતાનું નામ	ઉધારબાકી (₹)	જમાબાકી (₹)
મૂડી અને ઉપાડ	19,000	1,60,000
શરૂઆતનો સ્ટોક	30,000	–
10%ની બેંક લોન	–	20,000
ખરીદ-વેચાણ	90,000	1,40,000
લેણદારો દેવાદારો	44,000	20,000
ઘાલખાધ અને ઘાલખાધ અનામત	5,000	3,000

માલ પરત	8,000	20,000
ફર્નિચર અને નહી ચૂકવેલ પગાર	40,000	4,000
રોકડ અને બેંક	16,200	5,000
હૂંડીઓ	5,000	4,400
મકાન	70,000	-
મળેલ વ્યાજ	—	4,800
આવકમાલ ગાડાભાડું	6,000	-
મજૂરી	12,000	-
પગાર	36,000	-
	3,81,200.	**3,81,200**

વધારાની વિગતો :

1. આખરમાલનો સ્ટોક ₹ 20,000 હતો, જે પૈકી 10 % માલની બજારકિંમત 20 % ઘટી ગઈ છે.
2. મકાન પર 10 % અને ફર્નિચર પર 5 % ઘસારો ગણો.
3. બેંકે ₹ 2000 દેવીહૂંડીના ચૂકવ્યા છે, જેની નોંધ કરવાની બાકી છે.
4. દેવાદારોમાંથી ₹ 4,000 ઘાલખાધ તરીકે માંડી વાળો અને 5 % ઘાલખાધ અનામત રાખો.
5. મૂડી પર 10 % અને ઉપાડ પર 5 % વ્યાજ ગણવાનું છે.

શૈક્ષણિક વર્ષ 2024-25

Compentency Based Question (અધ્યયન નિષ્પતિ)ની વિગત

ધોરણ - 11 **વિષય : નામાનાં મૂળતત્ત્વો**

પ્રશ્નો ક્રમ	પ્રશ્નની ટૂંકમાં વિગત	ગુણ	Competency (ક્ષમતા)	Learning Outcome (અધ્યયન નિષ્પતિ)
			વિભાગ-A	
1	સંપૂર્ણ સાચી અને ઉપયોગી હિસાબી માહિતી	1	વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન	(ACC-1101-1) હિસાબો, હિસાબી પદ્ધતિઓ અને હિસાબો તૈયાર કરવાની પદ્ધતિઓ વચ્ચેના સંબંધો વર્ણવી શકે છે.
3	અમદાવાદનો વેપારી સુરતના વેપારીને માલ મોકલે છે	1	ધંધાકીય શિક્ષણ	(ACC-1101-5) ધંધાના વ્યવહારોને હિસાબી ચોપડે નોંધવા માટેની પ્રક્રિયા માટે હિસાબી પદ્ધતિનાં સમીકરણોનો ઉપયોગ કરી શકે છે.
4	શ્યામ રૂ. 10,000 SBI બેન્કમાં ભરવા જાય છે.	1	વ્યાવસાયિક શિક્ષણ	(ACC-1102-3) ધંધાના વ્યવહારોની નોંધ કરવા..ને વર્ગીકૃત કરી શકે છે.
5	વ્યાજના રૂ. 7,000 મળવાના બાકી છે.	1	હિસાબી ચોપડાઓનું જ્ઞાન	(ACC-1102-5) ધંધાના વ્યવહારોને હિસાબી સમીકરણોનો ઉપયોગ કરી શકે છે.
9	બેંક સિલકમેળ તૈયાર કરવાથી...... જાણી શકાય છે.	1	હિસાબી પદ્ધતિઓનું જ્ઞાન	(ACC-1102-4) મૂળ દસ્તાવેજો અને સહાયક દસ્તાવેજો વચ્ચેનો ફરક પાડી શકે છે.
15	એકનોંધી પદ્ધતિમાં મૂડી શોધવા કયું પત્રક બનાવવામાં આવે છે ?	1	હિસાબી પદ્ધતિઓનું જ્ઞાન	(ACC-1104-1) ઉપજ અને મૂડીની બાબતોને વર્ગીકૃત કરી શકે છે.
16	હિસાબને લગતા તૈયાર ઉપલબ્ધ સોફ્ટવેરમાં... વધુ પ્રચલિત જણાય છે.	1	ડિજિટલ સાક્ષરતા અને ટેક્નોલોજીકલ કુશળતા	(ACC-1101-2) ધંધાની ભાષા તરીકે હિસાબી પદ્ધતિની ભૂમિકાની ચર્ચા કરી શકે છે.

પ્રશ્નો ક્રમ	ટૂંકમાં વિગત	ગુણ	Competency (ક્ષમતા)	Learning Outcome (અધ્યયન નિષ્પતિ)
			વિભાગ-B	
17	શા માટે ગ્રાહકને રોકડ વટાવનો લાભ આપવામાં આવે છે ?	1	જીવન કૌશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન	(ACC-1102) વિદ્યાર્થીઓ માહિતી વિગતો તથા આંકડાઓનું વર્ગીકરણ અને તુલના કરી શકે છે.
18	હિસાબી સમીકરણમાં Cમાં શું ઉમેરવાથી A મળે છે ?	1	નામાનાં સિદ્ધાંતો દ્વારા શિક્ષણ	(ACC-1102.5) ધંધાના વ્યવહારોને હિસાબી ચોપડે નોંધવા માટેની પ્રક્રિયા... સમીકરણોનો ઉપયોગ કરી શકે.
19	છૂટા પાનાની પદ્ધતિ, કાર્ડ સ્વરૂપ ઉપરાંત કયું સ્વરૂપ પ્રચલિત છે ?	1	જીવન કૈશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન	(ACC-1103.1) ઉધાર અને જમાના નિયમોનો ઉપયોગ કરીને આમનોંધ અને ખાતાવહીમાં...
20	ઘાલખાધ અનામત એ અનામત છે કે જોગવાઈ.	1	નામાનાં સિદ્ધાંતો દ્વારા શિક્ષણ	(ACC-1101.3) હિસાબી પદ્ધતિમાં વપરાતા જુદા જુદા પારિભાષિક શબ્દો સમજાવી શકે છે.
21	ધંધાનું નામ : રવિ ટ્રેડિંગ કંપની	1	ધંધાકીય શિક્ષણ	(ACC-1102.1) ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટડ... હિસાબી પદ્ધતિના ધોરણોની યાદી બનાવી શકે છે.
22	દેશી નામાના ચોપડાના પ્રથમ પાના...	1	હિસાબી ચોપડાઓનું જ્ઞાન	(ACC-1101) વિદ્યાર્થીઓ વાસ્તવિક ખ્યાલો, વિગતો તથા સમગ્ર પ્રક્રિયાઓને સમજી શકે છે.
23	એકનોંધી નામા પદ્ધતિના હિસાબો...	1	વ્યાવસાયિક શિક્ષણ	(ACC-1104.6) દ્વિનોંધી અને એકનોંધી નામા પદ્ધતિ વચ્ચેનો ભેદ પારખી શકે છે.
			વિભાગ-C	
26	તા. 12 એપ્રિલ-2024, રૂ. 6,000નું યંત્ર...	1	નામાનાં સિદ્ધાંતો દ્વારા શિક્ષણ	(ACC-1101.4) નામું લખવા માટે નાણાકીય અને બિન નાણાંકીય ઘટનાઓની ઓળખ કરી શકે.
			વિભાગ-E	
38	નોબલ ટ્રેડર્સ લિમિટેડ	1	હિસાબી ચોપડાનું જ્ઞાન	(ACC-1101) વિદ્યાર્થીઓ વાસ્તવિક ખ્યાલ સમજી શકે.
40	સમા લિમિટેડ દર વર્ષ સીધી લીટીની...	1	હિસાબી ચોપડાઓનું જ્ઞાન	(ACC-1103.1) ઉધાર અને જમાના નિયમોનો ઉપયોગ કરીને આમનોંધ અને ખાતાવહીમાં નોંધ કરી.
			વિભાગ-F	
42	વાર્ષિક હિસાબો	1	નામાનાં સિદ્ધાંતો દ્વારા શિક્ષણ	(ACC-1104.4) હવાલા તૈયાર કરી તેની નોંધ કરી શકે.